ગાંધીનગર સમાચાર




ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય સંવિધાન દિવસ તરીકે ૨૬મી નવેમ્બરના દિવસને જાહેર કરવામાં આવ્યો છે. આ દિવસની ઉજવણી ગાંધીનગર ખાતે નેહરુ યુવા કેન્દ્ર અને સિદ્ધાર્થ લૉ કૉલેજ દ્વારા સંયુક્ત રીતે કૉલેજ ખાતે કરવામાં આવી હતી. કૉલેજ ખાતે એક પરિસંવાદનું આયોજન આ ઉજવણી નિમિત્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાંત સુથાર દ્વારા સંવિધાન દિવસનું મહત્ત્વ વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું. કૉલેજનાં અધ્યાપક ડૉ. સોનલ મેવાડા દ્વારા બંધારણની પ્રસ્તાવનાનું વાચન કરવામાં આવ્યું હતું. સામાજિક અધિકારીતા વિભાગના સૅક્શન ઑફિસર ભૂપત ચૌહાણે સૌને બંધારણમાં સમાવિષ્ટ નાગરિકોની ફરજો અંગે માહિતી આપી હતી. કૉલેજના ટ્રસ્ટી ડૉ. ઘનશ્યામ અમીન આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજના સમગ્ર પ્રાધ્યાપક બ્રિજુ ભાસ્કર, ડિમ્પલબેન પરમાર તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર આ ઉપક્રમમાં ભાગ લીધો હતો. સંવિધાન દિવસની એક અન્ય ઉજવણી નેહરુ યુવા કેન્દ્ર સંગઠનની ઓફિસ ખાતે પણ કરવામાં આવી હતી, જેમાં નિયામક પવન અમરાવત અને સ્ટાફના સભ્યોએ ભાગ લીધો હતો.

# ડીપીએસમાં બંધારણ દિવસની ઉજવણી




ગાંધીનગર, તા. ૨૬

બંધારણ સભાએ ૨ વર્ષ ૧૧ મહિના ૧૮ દિવસમાં ભારતના બંધારણને પૂર્ણ કર્યું અને ૨૬ નવેમ્બર ૧૯૪૯ ના રોજ રાષ્ટ્રને સમર્પિત કર્યું. બંધારણને રિપબ્લિક ભારતમાં ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી લાગુ કરવામાં આવ્યું. અને આથી જ ૨૬ નવેમ્બરને ભારત સરકારે "સંવિધાન દિવસ" તરીકે ઘોષિત કર્યો છે. આ જ પ્રસંગને અનુરુપ દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગરે વિદ્યાર્થીઓમાં સંવિધાન પ્રત્યે જાગૃતિ આણવાના હેતુથી સંવિધાન લક્ષી પ્રશ્નમંચનુ આયોજન કર્યું હતું.

આ પ્રસંગે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટિના આસિસ્ટન્ટ પ્રોફેસર અવિનાશ ભાગી વિશેષ અતિથિના રુપમાં હાજર રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓ સમક્ષ પી.પી.ટી. દ્વારા રસાત્મક રીતે સંવિધાનના અજાણ્યા અને મહત્ત્વપૂર્ણ ઈતિહાસને ઉજાગર કર્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય અતનુ રથે ભારતીય સંવિધાનની સુંદરતા અને અગત્ય સમજાવતા વિદ્યાર્થીઓને સંવિધાન વિશેની સમજ સાથે પાલનની અગત્ય પર ધ્યાન આપવાનુ સૂચવ્યું હતું.

### ખેલ મહાકુંભ અંતર્ગત

# રોલ બૉલની સ્પર્ધામાં ગાંધીનગર ઝળક્યું




ગાંધીનગર, તા. ૨૬

ખેલ મહાકુંભ અંતર્ગત રોલ બૉલની રાજ્યકક્ષાની સ્પર્ધા સુરત ખાતે તાજેતરમાં યોજવામાં આવી હતી, જેમાં સ્કૂલ ઑફ અચિવરની વિદ્યાર્થિનીઓએ ભાગ લઈને મૅડલ પ્રાપ્ત કર્યા હતા. કોચ ભાર્ગવ આયર અને સ્કૂલ પરિવાર વતી વિદ્યાર્થિનીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સ્કૂલ તરફથી દેવાંશી પટેલ, જીલ કાકડિયા, હનીશા બથેમ, સાક્ષી પગદલ, પ્રિન્સી પટેલ, હેત્વી વૈષ્ણવ, સ્વરા પટેલ, રીયા પટેલ, ઝામીયા નંદાસણિયા, દિયા વરુ, ભવ્યા વૈષ્ણવ અને પ્રિયાંશી પટેલે આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે રોલ બોલ સ્પર્ધાનો સમાવેશ ખેલ મહાકુંભમાં આ વર્ષે પ્રથમ વખત જ કરવામાં આવ્યો હતો, જેનું આયોજન રોલ બૉલ ઍસોસિએશન ઑફ ગુજરાતના ડિરેક્ટર અને પ્રમુખ ધર્મેશ પરમાર, દિવ્યેશ ગોહિલ, આનંદ કાપડિયા અને ટીમ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.



લાયોનેસ ક્લબ, ગાંધીનગર દ્વારા સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૧૩માં અભ્યાસ કરતા અને ઝૂંપડવાસમાં રહેતા ૬૦ જેટલા વિદ્યાર્થીઓને વિશેષ પ્રવાસમાં લઈ જવામાં આવ્યા હતા. દૂધસાગર ડેરી, મહેસાણા, મધુર ડેરી, ગાંધીનગર ઉપરાંત મોઢેરા અને બહુચરાજીનો પ્રવાસ આ વિદ્યાર્થીઓને ક્લબ દ્વારા કરાવવામાં આવ્યો હતો. ક્લબનાં પ્રમુખ દક્ષા જાદવ, પૂર્વ પ્રમુખ વૈશાલીબેન જોષી, સૅક્રેટરી રીટા શાહ, સ્કૂલનાં આચાર્ય ભાનુબેન ઠાકર, સ્ટાફ, લાયન્સ ક્લબ સભ્ય મૌલિક ચૌધરી અને લાયોનેસ સભ્યો દ્વારા આ માટે સક્રિય સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.

# શેઠ કેજીએમ ગર્લ્સ હાઈસ્કૂલમાં બંધારણ દિવસની ઉજવણી કરાઈ



કલોલ તાલુકા કેળવણી મંડળ સંચાલિત કે.જી.એમ.ગર્લ્સ હાઈસ્કૂલમાં કાનૂની સત્તા મંડળ આયોજિત ૨૬ નવેમ્બરના દિવસે બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી.પ્રિ.શારદાબેન ચૌધરીએ સ્વાગત પ્રવચનમાં બંધારણ વિશેની માહિતી આપી.કલોલ કોલેજના દ્વજીજી ના પી.ઓ.ડો.એચ.કે.સોલંકીએ મહિલા અધિકારોની વાત કરી હતી.કાનૂની સત્તા મંડળના રીંકલ પરમારે બંધારણીય અધિકારો અને ફરજોની માહિતી આપી હતી. બળવંતભાઈ પરમારે કાર્યક્રમનું સંચાલન કરીને બહેનોને શપથ લેવડાવ્યા હતા.જેમાં ધોરણ ૧૧ અને ૧૨ની વિદ્યાર્થીની બહેનો હાજર રહી હતી.જન જાગૃતિ કેળવણી મંડળ તરફથી દરેક બહેનોને બાબાસાહેબની બુક્સ આપવામાં આવી હતી.આભાર વિધિ સૂર્યાબેન પરમારે કરી હતી.

# સે.૨૯ની સરકારી પ્રાથમિક શાળામાં આરોગ્ય તપાસણી કાર્યક્રમનો આરંભ




ગાંધીનગર, તા. ૨૬

સરકારી પ્રાથમિક શાળા, સૅકટર-૨૯/૧ ખાતે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનું ઉદ્‌ઘાટન નગરસેવક રોશનબાનુ પરમારના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મૅડિકલ ઑફિસર ડૉ. બ્રિજેશભાઈ, જુનેદભાઈ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. બ્રિજેશ દ્વારા પીવાના પાણીની ચકાસણી, હાથ ધોવાની રીત તથા સૅનેટરી નૅપકિન્સની ઉપયોગિતા અંગે પ્રાથમિક સમજ વિદ્યાર્થીઓને આપવામાં આવતી હતી અને ધોરણ-૬થી ૮માં અભ્યાસ કરતી બાળાઓને સૅનેટરી પેડ આપવામાં આવ્યાં હતાં.

આચાર્ય મીનાબેન જોષી દ્વારા ઉપસ્થિત અતિથિઓ અને વાલીઓ પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



**જિજ્ઞેશ જાની**
પ્રેસ ફોટોગ્રાફર
(પાયલ સ્ટુડિયો)
મો. ૯૪૨૮૫ ૯૫૯૭૬



**સાર્થક ગૌતમ**
જીએસપીસીએલ
મો. ૯૮૨૫૦ ૦૫૪૩૬



**તુષાર સી ધનેશ્વર**
મો.૯૮૯૮૫ ૨૭૪૬૦



**નિકુંજ વૈશ્યક**
તસવીરકાર
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪



**હની મિતેષકુમાર પટેલ**

## આરોગ્ય શિક્ષણની જાગૃતિ અંગે સૅમિનારનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૨૬

Docterz at School અંતર્ગત CPR Training Fro School Teachers માટે ડૉ. ઉમંગ પટેલ ડૉ. અનિલ ચૌહાણ અને ડૉ. આતિશ દ્વારા ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ગાંધીનગર ખાતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી જે એમ ચૌધરી શાળાના વિદ્યાર્થીઓના આરોગ્ય, આરોગ્ય શિક્ષણની જાગૃતિ અને મેડિકલ ઈમરજન્સી સમયે શિક્ષિક તથા સંસ્થાના વહીવટકર્તાઓના રોલ અંગે ચર્ચા અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# શિક્ષણ ક્ષેત્રે ફી લેવાનું ક્યારે શરૂ થયું....? શિક્ષણનો વેપાર ક્યારથી....?

ભણતર સાથે ગણતરમા અવ્વલ નંબરે ગણાતા ગુજરાત રાજ્યનું શિક્ષણ એટલી હદે નીચે ઉતારી દેવા સાથે તેનું વેપારીકરણ કરી નાખવામાં આવ્યું છે કે જેને લઈને ભવિષ્યે સર્વશ્રેષ્ઠ કે તેજસ્વી યુવાધન ગુમાવવામાં ગુજરાત પ્રથમ નંબર આવે તો આશ્ચર્ય નહીં હોય.....! ખૂદ રાજ્ય સરકાર ભણતરનો ભાર વિદ્યાર્થીઓના માથેથી નહીં પણ પોતાના માથેથી ઉતારવા છેલ્લા ૧૫ વર્ષ ઉપરાંતથી સતત પ્રયાસ કરી રહી છે. અને તેમાં તેને મહદ અંશે સફળતા પણ મળી છે. અને તે માટેનું શ્રેય સુખી સરમૃધ્ધ પરિવારોને અને રાજકારણીઓને ફાળે જ જાય છે. જે નિર્વિવાદ તદ્દન સત્ય હકીકત છે. એક સમયે દેશભરમા શિક્ષણ ક્ષેત્ર મફત હતું. પ્રાથમિક કક્ષાથી લઈને કોલેજ સુધીનું શિક્ષણ તદ્દન મફત હતું. લોકોને બંધારણમાં મફત શિક્ષણ અને મફત આરોગ્યનો અધિકાર આપવામાં આવેલ છે તે અનુસાર દેશભરની સરકારો પ્રાથમિક શાળાઓથી લઈને કોલેજો સુધી મફત શિક્ષણ આપવામાં આવતું હતું. દરમિયાન શિક્ષણની કિંમત આમ લોકો સમજે તે માટે ૧૯૬૪ શિક્ષણ ફી લેવાનું નક્કી કરવામાં આવતા દેશભરનાં રાજયોમાં વિદ્યાર્થી આંદોલનો થયા હતા. ગુજરાતમાં બ.ગો મહેતાની સરકાર હતી. ત્યારે શિક્ષણ ક્ષેત્રે ધોરણ આઠ થી ફી દાખલ કરવા સામે રાજ્યભરમાં જોરદાર વિદ્યાર્થી આંદોલન થયા હતા. અને આંદોલનનું એપીસેન્ટર એ સમયના ભાવનગર જિલ્લાના બોટાદમાં હતું જેના આગેવાનો કામદાર પરિવાર અને ઠક્કર પરિવારના જ લોકો હતા. કામદાર પરિવારનુ સમગ્ર પંથકમાં બહુ જ માનપાન અને મરતબો બહુ મોટો હતો. ત્યારે બગો મહેતા કાફલા સાથે બોટાદ આવીને સીધા ડીએસપીને મળીને નાનુભાઈ કામદારના ઘરે પહોચી ગયા ત્યાં જમવા બેસતા પહેલા તેમના પુત્ર હર્ષદને બોલાવીને આ અંગે વાત કરી ત્યારે અન્ય વિદ્યાર્થી આગેવાનો પણ આવી ગયા અને સમાધાન રૂપે ગરીબ, મજૂર,ઓછી આવક ધરાવતા સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓની ધોરણ આઠ થી માત્ર બે આના ફી જ્યારે અન્યને ધોરણ ૮ થી ૧૪



આના નક્કી કરી અને તેની જાહેરાત જ મુખ્યમંત્રી શ્રી બ.ગો મહેતાએ કરી હતી. ત્યારબાદ આંદોલનનો અંત આવ્યો હતો. તે સમયે ટીવી ન હતા પરંતુ રેડિયો હતા અને દૈનિક પેપરોની બોલબાલા હતી.મોટા ભાગના લોકો દૈનિકો રેગ્યુલર વાચતા હતા એટલે બીજે દિવસે રાજ્યભરમાં સમાચાર ફેલાતા શિક્ષણ ક્ષેત્રે આંદોલન સમેટાઈ ગયું હતું.

૧૯૬૪માં શિક્ષણ ક્ષેત્રે ફીનું ધોરણ અમલમાં મૂક્યા પછી શિક્ષણની સાચી ભાષામાં કિંમત દરેકને સમજાઈ ગઈ અને શિક્ષણનું સ્તર ઝડપથી ઉચે આવવા લાગ્યું. પછીના ૨૦ વર્ષ સુધી ફી વધારવાનુ શસ્ત્ર એક પણ સરકારે ઉગામ્યું ન હતું. વળી શિક્ષણ એટલે સરસ્વતી,તેના ધામમાં ફી ન વધારાય તેવી લાગણી કે ભાવના સરકાર અને લોક નેતાઓમા હતી. એટલે શિક્ષણમાં ફી વધારો કે ખાનગી શિક્ષણ માટે કોઈને વિચાર પણ આવતો ન હતો. જોકે ભણતરમાં કાચા હોય તેવા વિદ્યાર્થીઓને શિક્ષક પોતાના ઘરે બોલાવી ભણાવતા પરંતુ એક પણ પૈસોલેતા ન હતા તેથી ટ્યુશન ફી લેવાથી દૂર રહેતા હતા. જો કે વિદ્યાર્થીનો પરિવાર એન કેન પ્રકારે ચીજ વસ્તુ રૂપે શિક્ષકને દક્ષિણા આપે છૂટકો કરતાં જે એક તથ્ય છે.

૧૯૮૬માં ગુજરાતમાં ભાજપની સરકાર આવી અને તે જ અરસામાં ખાનગી શાળાઓ ની શરૂઆત થઈ જે સમયે શિક્ષણ મંત્રી આનંદીબેન પટેલ હતા. પછીથી ખાનગી શાળાઓ માટે બહુ જ સારા પ્રમાણમાં ભરપૂર પ્રચાર થયો અને તેની સાથે સરકારી શિક્ષણ અને સરકારી શાળાઓની ખામીઓ ગજાવવાનું શરૂ થયું. અને ધીરી ગતિએ ખાનગી શાળાઓનો દોર શરૂ થયો જેમાં સત્તાધારી પક્ષના અને વિપક્ષના ધારાસભ્યોએ ઝંપલાવતા ખાનગી શિક્ષણનો વ્યાપ વધવા લાગ્યો.

દિન-બ-દિન એટલી બધી ખાનગી શાળા- કોલેજો ખૂલી ગઈ કે ખાનગી શાળાઓને વિદ્યાર્થીઓ મેળવવા પ્રચાર કરવાની નોબત આવી ગઈ. અને આજની પરિસ્થિતિમાં શાળા કોલેજોને વિદ્યાર્થીઓ ન મળતા તાળા મારવાની સ્થિતિ બની ગઈ છે. તો રાજ્ય સરકાર ખાનગી શાળાઓને પ્રોત્સાહન આપવા સરકારી શાળાઓમા વિદ્યાર્થીઓની ઓછી સંખ્યાને લઈ મર્જર કરવા તરફ દોડી ગઈ છે.... પરિણામે આજે પાંચેક હજાર સરકારી શાળાઓને તાળા લાગી ગયા છે....!

તેમ કહીએ તો ખોટું નથી. ઉપરાત સરકારની નીતિ ખાનગીકરણની છે જેથી શિક્ષણ ક્ષેત્રનો ભાર- તેનો ખર્ચ સરકારને વેઠવો ન પડે. જો ગુજરાત સરકારે દિલ્હી રાજ્ય સરકારની શિક્ષણનીતિનો અને શિક્ષણ ક્ષેત્રે લીધેલાં પગલાંનો અભ્યાસ કર્યો હોત તો ગુજરાતમાં ખાનગી શાળાઓને તાળા લાગી ગયા હોત. અને રાજ્યના ગરીબ, મજૂર, મધ્યમ વર્ગના વાલીઓને શાળા ફી નો ભાર વેઢારવાનો સમય આવતો જ નહીં... પરંતુ સરકારમાંજ જ્યા ખોડ હોય અને પ્રજામાં સમજ શક્તિનો અભાવ હોય ત્યાં વાંક કોનો કાઢવો.....?!

## જિલ્લાકક્ષાની સાયન્સ કોંગ્રેસ સ્પર્ધામાં જે બી શાળા ઝળકી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા કક્ષાની નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ : ૨૦૧૯-૨૦ની સ્પર્ધા તાજેતરમાં યોજવામાં આવી હતી, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જિલ્લા કક્ષાની આ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ ડેન્ગ્યૂની અસરો અને તેનો સામનો કેવી રીતે કરવો તે અંગેનો પ્રોજેક્ટ રજૂ કર્યો હતો, જેની પસંદગી રાજ્ય કક્ષાના નેશનલ સાયન્સ કોંગ્રેસ : ૨૦૧૯-૨૦ માટે કરવામાં આવી છે. પ્રોજેક્ટની સુંદર રજૂઆત કરી સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક વિજ્ઞાન શિક્ષકને આચાર્ય તરફથી બિરદાવી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવવામાં આવી છે.